૭૦૨/૧,૧૭૯ **બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

BAPS

# સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૨**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

## વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. વચનમૃતના સંપાદકો
- (૧) ☐ ગોપાળાનંદ સ્વામી
- (૨) ☐ મુક્તાનંદ સ્વામી
- (૩) ☐ શુકાનંદ સ્વામી
- (૪) ☐ નિત્યાનંદ સ્વામી

૨. બ્રહ્મવિદ્યાની મહત્તા અને આવશ્યકતા.
- (૧) ☐ જ્યારે મનુષ્યો આકાશને કાપડથી લપેટી શકશે, ત્યારે પરમદેવને પામ્યા વિના દુઃખનો અંત થશે.
- (૨) ☐ તેને જાણીને જ મૃત્યુથી પર થઈ શકાય છે.
- (૩) ☐ विद्यानाम् अध्यात्मविद्या ।
- (૪) ☐ તેને જાણીને જ શોકથી પર થઈ શકાય છે.

૩. દુર્લભ વાતોના કરનારા પણ દુર્લભ
- (૧) ☐ આ વાતુંના કરનારા દુર્લભ છે.
- (૨) ☐ પૃથ્વીમાં આવા સાધુ ખોળી લાવો ક્યાં મળશે ?
- (૩) ☐ આવી વાત કોણ કરે ?
- (૪) ☐ બધાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતું થાય નહિ.

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. સંત થકી સર્વે વાતની સિદ્ધિ સમજાવતાં સ્વામી પ્રકરણ ૩/૪૨ વાતમાં શું કહે છે ?
૨. કોણ ખીલ કે દાદર હોય એવા છે ?
૩. જેતલપુર-૩માં શ્રીજીમહારાજ સંતોને સંબોધીને શું કહે છે ?
૪. ગઢડા પ્ર. ૭૮માં શૂન્યાતીતાનંદ સ્વામીએ કયો પ્રશ્ન પૂછ્યો છે ?
૫. વસ્તા પટેલના ઘેર જમવા ગયેલા મૂળજી ભક્ત ભાણામાંથી લાડુ કાઢી નાખી શું બોલ્યા ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ :-** મ. ૩૫ - 'આ મારી સર્વે ઇન્દ્રિયોની ક્રિયાને વિશે મને આત્માનું ક્ષણમાત્ર પણ વિસ્મરણ થતું નથી.'
**ઉત્તર :-** શ્રીજીમહારાજનું દિવ્ય વ્યક્તિત્વ - વિચારશીલતા

૧. મહારાજ તો પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને આંહીં પધાર્યા છે.
૨. વાસનારહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે.
૩. આ મારી સર્વે ઇન્દ્રિયોની ક્રિયાને વિશે મને આત્માનું ક્ષણમાત્ર પણ વિસ્મરણ થતું નથી.
૪. કથામાં સભામાં ટાણે કેટલાક રહેતા નથી ને બબે આસન રાખે છે, તે શું જાણતા હશે ? આવા કહેનારા નહિ મળે.
૫. જીવને ભગવાનના સાધુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, ઉપાસના એ સર્વે ગુણ આપે છે.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ :-** વચનામૃતની પ્રમાણભૂતતાના અન્ય પુરાવાઓ
**ઉત્તર :-** ૧. અદ્વિતીય શ્રોતાગણ ૨. પ્રામાણિક સંપાદકવૃંદ ૩. ઐતિહાસિક પ્રમાણભૂતતા

૧. બ્રાહ્મી સ્થિતિના ઘડવૈયા
૨. વચનામૃત ગ્રંથનું સ્વરૂપ અને તેમાં પ્રતિપાદિત વિષયો

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** [૧૦]

૧. વચનામૃત : ગુણાતીત ગુરુઓના અભિપ્રાયો **અથવા** ૨. શ્રીજીમહારાજની તીવ્ર તપસ્યા અને દેહનો અનાદર
૩. ગુણાતીતાનંદ સ્વામી : આજ્ઞાપાલનની તત્પરતા **અથવા** ૪. જીવોના કલ્યાણાર્થે ભગવાનના નિશ્ચયની દૃઢતાનો આગ્રહ

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં)** [૧૦]

૧. વચનામૃત વિશે મૂર્ધન્ય વિદ્વાનોના અભિપ્રાયો
૨. 'સ્વામીની વાતો' : વચનામૃતના સંદર્ભો સાથે સમજૂતી

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૧-૨"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

## વિભાગ - ૨ : 'શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ - ૧ના આધારે

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. શાસ્ત્રીજી મહારાજના યોગથી થયેલાં પરિવર્તનો ('સોખડામાં બાકીનો પ્રયોગ' થી 'ખાનદેશનો સત્સંગ' સુધીના જ પ્રસંગો)

૨. શાસ્ત્રીજી મહારાજની નિર્ભયતા ('ભાગવતી દીક્ષાનો અપૂર્વ મહોત્સવ' થી 'કાનમ દેશમાં શુદ્ધ ઉપાસના સ્થાપન' સુધીના જ પ્રસંગો)

૩. શાસ્ત્રીજી મહારાજે કરાવેલું ઐશ્વર્ય દર્શન ('બોચાસણમાં દિવ્ય આગાહી' થી 'બોચાસણમાં મૂર્તિપ્રતિષ્ઠા' સુધીના જ પ્રસંગો)

**પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. આચાર્યમાં પ્રિય યજ્ઞપુરુષદાસ

૨. ભગતજીના મુખે યજ્ઞપુરુષદાસનો મહિમા ('હાથીની અંબાડીએ બેસે તેને રખડવું પડે છે.' થી 'ભગતજીનો અક્ષરવાસ' સુધીના જ પ્રસંગો)

૩. ન કોઈની મહોબ્બત, ન કોઈને શેહશરમ - સ્પષ્ટ સિદ્ધાંત એ જ નિશાન.

**પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. બ્રહ્માંડમાં આ સાધુની શક્તિથી બધું એમનું એમ ચાલે છે.

૨. મંથન

૩. મગનભાઈને ધામમાં મોકલીને આવું છું.

૪. આપ અખંડ ભેગા રહેજો.

૫. આપની ઇચ્છા આગળ જ્યોતિષનો મેળ નથી.

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ

૨. જેઠા ભગત

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. સત્સંગમાં શું (કઈ) વાત થાય છે ?

૨. આજ્ઞાથી થતી પ્રવૃત્તિમાં મહારાજે કોને ઉત્તમ ગણ્યા ?

૩. બ્રહ્મરૂપ થવાના કયાં ત્રણ સાધનો છે ?

૪. બાવના ચંદનને ઠેકાણે શું છે ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ <u>બે</u>ના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં)** [૬]

૧. જીવ મહારાજને પુરુષોત્તમ કહેવામાં શા માટે અટકે છે ?

૨. કોટિ કલ્પ સુધી શું કર્યા વગર છૂટકો નથી ?

૩. ખરેખરું જ્ઞાન થાય ત્યારે શું થાય ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા કોઈ પણ <u>બે</u>ના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં)** [૬]

૧. ગાયના દૃષ્ટાંતે મહારાજનું સુખ

૨. પ્રકૃતિ પુરુષ સુધી ઢૂંસા જ છે.

૩. તમે તમારી મોટપને જાણતા નથી.

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો.**
**(આઠ થી દસ લીટીમાં)** [૪]

૧. ગઢડા પ્ર. ૨૧માં મહારાજ કહે છે કે, ''હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે.''

૨. નૈરોબી વિદાય સમારંભમાં યોગીજી મહારાજે કહ્યું : 'આખા શહેરનું કલ્યાણ થઈ જશે.'

૩. શ્રીજીમહારાજે ગઢડા પ્ર. ૬૪માં કહ્યું છે, ''જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે તે તો બ્રહ્મસુષુપ્તિને વિષે લીન થાય છે.''

૪. ગઢડા પ્ર. ૧૪માં શ્રીજીમહારાજ કહે છે કે, 'જે સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યો છે.'

❊ ❊ ❊

સૂચના :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**